ISSN 2454-8596
www.MyVedant.com

An International Multidisciplinary Research E-Journal

# કુટિર અને ગ્રામોદ્યોગ યોજનાઓનો એક અભ્યાસ

# (ગુજરાતના સંદર્ભમાં )

**KUKAVA GEETAN**

Ph.DStudent DepartmentOf Economics

Saurashtra UniversityRajkot

ISSN 2454-8596
www.MyVedant.com

VIDHYAYANA

An International Multidisciplinary Research E-Journal

- **સારાંશ**

કોઈપણ વિકસિત વિકસતા કે અલ્પવિકસિત રાષ્ટ્રોનો મૂળભૂત ઉદેશ આર્થિક વિકાસ દ્વારા આર્થિક કલ્યાણમાં વધારો કરી સમૃદ્ધિના શિખરે પહોચવાનો હોય છે આર્થિક વિકાસ એ હેતુ પૂર્વકની વિવિધપ્રવૃતિઓની યોજના પરિણામ છે આર્થિક વિકાસ દ્વારા સમૃદ્ધિના શિખરો સર કરવા માટે બે ક્ષેત્રોનો વિકાસ જરૂરી બને છે ખેતી અને ઉધોગમાંથી કોઈપણ એક ક્ષેત્રનો વિકાસ અપુરતો હોય તો તંદુરસ્ત આર્થિક વિકાસ શક્ય બનતો નથી આથી આર્થિક વિકાસ દ્વારા ખેતી અને ઉધોગ ક્ષેત્ર ઔધોગિકરણની પ્રકિયાને અમલી બનાવી અને વિવિધ યોજનાઓનો લાભ લઈ આર્થિક વિકાસની વ્યુહરચનાનું એક અંગ ગણવામાંઆવે છે.

- **પ્રાસ્તવના :**

પ્રાચીન ભારતના આર્થિક ઈતિહાસના પાનાઓ ઉથલાવતા એ હકીકત સ્પષ્ટ બને છે કે તે સમયે ભારતમાં એક બાજુએ ખેતી સમૃદ્ધિ હતી તો બીજી બાજુએ નાના અને ગૃહ ઉદ્યોગો પણ એટલા જ સમૃદ્ધિ હતાઆપણાં ઉદ્યોગો દ્વારા બનાવવામાં આવેલી બેનમૂન વસ્તુઓની વિશ્વના બજારોમાં ખુબ જ માંગ હતી પરંતુ બન્યું એવું કે આપણો દેશ કલા કારીગરી તથા ઓધોગિક પ્રદેશો માટે આખી દુનિયામાં જાણીતું હતુંપરંતુ આપણી સમૃદ્ધિથીઆકર્ષાયને પ્રદેશિઓએ ભારતમાં પણ પેસારો કર્યો અને અંતમાં અંગ્રેજી પ્રજાએ આપણા દેશ પર પોતાની હકુમત સ્થાપિત કરીને ભારતને ગુલામ દેશ બનાવી દિધો અને અંગ્રેજોનોઆવોએવો ઇરાદો હતો કે ભારતની બધી જ સમૃદ્ધિનેઈંગ્લેન્ડ ભેગી કરવાનો હતો વિશ્વના બજારોમાંથી ભારતના નામને ભુસી નાખ્યું અને ત્યારે દેશમાંથી નાના અને ગૃહ ઉદ્યોગો તેમજ કલાકારીનો સંપૂર્ણ નાશ થઈગયા અને તેને હલ કરવા માટે અને રોજગારી મેણવવા માટે કરી પાસા બેઠા કરવા માટે સરકારે વિવિધ યોજનવોઓની જાહેરાત કરી જેથીવ્યકિતીઓને ફરી પાછું ઉત્પાદના કરવા માટે ઉત્સાહ જાગે એવા સરકારે પ્રયત્નો કરવામાં આવ્યા

- **કુટિરઉધોગ અને ગ્રામધોગ યોજના**

**કુટિરઉધોગનો અર્થ**

કુટિર ઉધોગ એટલે એવા ઉધોગ કે જે સંપૂર્ણપણે કે મુખ્યત્વે કુટુંબના સભ્યોનો શ્રમથી ચાલવામાં આવતા હોય આવા ઉધોગો મોટા ભાગે કારીગરોના નિવાસસ્થાને કુટિરો

ચાલતા હોવાથી તેઓ કુટિરઉદ્યોગ તરીકે પણ ઓળખવામાં કુટિર અને ગ્રામોઉદ્યોગ દ્વારા રાજ્યમાં પુરક રોજગારીની તકો ઊભી કરવા જુદી જુદી યોજનાઓ અને કાર્યક્રમો અમલમાંમુકવામાં આવેલ છે

**સંશોધન અભ્યસાના હેતુઓ**

1) પ્રસ્તુત અભ્યાસમાં યોજનાઓ વિશે માહિતી મેળવવાનો હેતુ
2) પ્રસ્તુત અભ્યાસમાં ફાળવેલી રકમ વિશે માહિતી મેળવવાનો હેતુ

**સંશોધન અભ્યાસની પદ્ધતિ**

પ્રસ્તુત સંશોધન અભ્યાસમાં વર્ણનાત્મક પદ્ધતિનો ઉપયોગ કરવામાં આવ્યો છે

**ગૌણ માહિતી**

પ્રસ્તુત સંશોધન અભ્યાસ માત્ર ગૌણ માહિતીનો જ ઉપયોગ કરવામાં આવ્યો છે

**સંશોધન અભ્યાસની નમુના પસંદગી**

પ્રસ્તુત સંશોધન અભ્યાસમાં માત્ર ગુજરાતને જ ધ્યાનમાં રાખીને કુટીર ઉદ્યોગની યોજનાઓનો અભ્યાસ કરવામાં આવ્યો છે.

1) **શ્રી વાજપાઈ બેકેબલ યોજણા**

રાજ્યના શેહેરી અને ગ્રામ્ય વિસ્તારના બેરોજગાર યુવક યુવતીઓને સ્વરોજગાર પૂરી પાડવા શ્રી વાજપાઈ બેકબેલ યોજના અમલમાં છે આ યોજના તારીખ 14-8-2015 થી સુધારો કરી ઉદ્યોગ સેવાક્ષેત્ર અને વેપાર ક્ષેત્રે સહાયની મહતમ મર્યાદા વધારી અનુક્રમે રૂ | 1.25 લાખ રૂ. 1.00 લાખ અને રૂ. 0.80 લાખ કરવામાં આવેલ છે જ્યારે વર્ષ 2017-18 દરમ્યાન (ઓક્ટોમ્બર 2017 સુધીમાં ) 20414 લાભાર્થીઓને બેકોં દ્વારારૂ 41918.74 લાખનું ધિરાણ કરવામાં આવેલ છે. રૂ 5961.37 લાખની સહાય રાજ્ય સરકાર દ્વારા ચૂકવવામાં આવેલ છે.

2) **માનવ કલ્યાણ યોજના**

આ યોજનામાં આર્થિક રીતે પછાત વર્ગોના સમુહને પુરતી આવક અને સ્વરોજગાર ઊભા કરવા માટે વધારાના સાધનો/ઓજારો આપવામાં આવે છે આ યોજના ગરીબી રેખાની નીચે જીવતા વ્યકતીઓ /કારીગરોની આર્થિક સ્થિતિ સુધારવા ફેરીયા, શાકભાજી વેચનાર સુથારીકામ વગેરે જેવા 79

ટ્રેકના નાના કદના વેપાર/ધંધા સમાજના નબળા વર્ગોના લોકો કે જેની કુટુંબની વાર્ષિક આવક ગ્રામ્ય વિસ્તારની માટે રૂ 49000 અને શહેરી વિસ્તાર માટે રૂ 98000 સુધીની હોય તેવા લોકોને આર્થિક આવકમાં વધારો કરવા માટે તેમ જ વ્યવસાય માટે રૂ 8000 ની મર્યાદામાં જરૂરી સાધન/ઓજારોના સ્વરૂપમાં સહાય આપવામાં આવે છે વર્ષ 2016-17 દરમ્યાન 95600 ટૂલકિટ માટેના લક્ષ્યાંક સામે 64845 ટૂલકિટ જુદાજુદા ટ્રેડ માટે રોજગારી ઊભી કરવા આપવામાં આવેલ છે 2017-18 માટે જુદાજુદા ટ્રેડ માટે  65500 ટૂલકિટ લાભાર્થીઓને પુરા પાડવામાં લક્ષ્યાંક સામે ઓક્ટોમ્બર 2014 સુધી 13919 ટૂલકિટ આપવામાં આવેલ છે.

**3) દતોપંત ઠેંગડી કારીગર વ્યાજ સહાય યોજના**

ગુજરાત રાજ્યના કારીગર તરીકે નોંધાયેલ હાથશાળ અને હસ્તકલાના કુટીર ઉદ્યોગ કારીગરોને તેમનાધંધાના વિકાશ માટે ઓછા વ્યાજે સરળતાથી બેંકમાથી ધિરાણ મળી શકે તે માટે 20 ટકા અનેઅનામત કેટેગરીમાટે25 માર્જિનમની સહાયતથાબાકીનીલોનઉપર7 ટકા વ્યાજસહાયઆપવામાં આવશે

**4) કલસ્ટર વિકાસ યોજના**

રાજ્ય સરકારે કલસ્ટર ડેવલોપમેન્ટની  યોજના સન 2003-04 થી અમલમાં મુકેલ છે અને બદલાતા પ્રવાહને ધ્યાનમાં  લઈ સરકાર શ્રી દ્વારા કુટીર ઉદ્યોગો માટેની સુધારેલી કલસ્ટર વિકાસ યોજના તારીખ 26-12-2016 ઠરાવથી જરૂરી સુધારા કરી અમલમાં મુકવામાં આવેલ છે આમ જુદા જુદા પ્રકારની કુટીર ઉદ્યોગના ઉત્પાદનની પ્રવૃતિ કરતા હોય છે આ યોજના હેઠળ  [illegible],[illegible] અને [illegible] જેવી સંસ્થાઓ અને તેના ફિલાન્સ ડીઝાઇનની વગેરેમાં સુધારો કરી રોજગારી વધારવામાં સહાય કરવામાં આવે છે.

**5) કૌશલ્ય વર્ધક તાલીમ**

સંસ્થા દ્વારા રાજ્યના યુવક/યુવતીઓને રોજગારીની તકો ઉપલબ્ધ થાય તે હેતુથી સંસ્થા દ્વારા 17 હેડમાં ટુકાગાળામાં તાલીમ કાર્યક્રમો ચલાવવામાં આવે છે . વર્ષ 2017-18 દરમ્યાન 13900 લાભાર્થીઓનો લક્ષ્યાંકરાખવામા આવેલ છે. જેની સામે ઓક્ટોમ્બર 2017 સુધીમાં 10400 લાભાર્થીઓને તાલીમમા આવરી લેવામાં આવેલ છે.

6) **વેચાણ વ્યવસ્થા**

કુટીર અને ગ્રામ ઉદ્યોગ દ્વારા હાથસાળ/હસ્તકળા અને કુટીર અને ગ્રામોદ્યોગ ક્ષેત્રના કારીગરોના માલના વેચાણ માટે કુટીર અને ગ્રામોદ્યોગ હેઠળ મેળાઓ તથા પ્રવર્શનોનું આયોજન કરવામાં આવે છે. અને વર્ષ 2017-18 માં 43 મેળા પ્રદર્શનોનું આયોજન કરેલ જેની સામે ઓક્ટોમ્બર 2017 સુધીમાં 39 મેળા પ્રદર્શનોનુંઆયોજન કરેલ છે જેમાં 2792 કારીગરોએ ભાગ લઈ તેઓ દ્વારા ઉત્પાદિત થયેલ ચીજવસ્તુઓના આશરે રૂ. 6.60 કરોડના માલનું વેચાણ કરેલ છે.

7) **રોજગારીની તકોનું નિર્માણ**

વર્ષ 2016-17 દરમ્યાન કુટીર અને ગ્રામોદ્યોગ ક્ષેત્ર હેઠળની વિવિધ યોજનાઓ દ્વારા 245409 પુરક રોજગારીની તકોનું નિર્માણ કરવામાં આવેલ હતું જ્યારે 2017 સુધીમાં 153278 પુરક નથી રોજગારીની તકો ઊભી કરવામાં આવેલ છે

8) **સાગરખેડુ ,શહેરી ગરીબ સમૃદ્ધિ યોજના અને વનબંધુ કાર્યક્રમ**

2016-17 દરમ્યાન જે 245409 પુરક રોજગારીની તકોનું નિર્માણ કરેલ તે પૈકી 12989 સાગરખેડુ સર્વાંગી વિકાસ યોજના હેઠળ 28862 શહેરી ગરીબ સમૃદ્ધિ યોજના હેઠળ અને 24062 વનબંદુ કાર્યક્રમ હેઠળ કરવામાં આવેલ છે વર્ષ 2017-18 સુધીમાં કુલ 153278 પુરક રોજગારીની તકોનું નિર્માણ થયેલ છે તે પૈકી 12787 સાગરખેડુ સર્વાંગી વિકાસ યોજના હેઠળ 31917 શહેરી ગરીબ સમૃદ્ધિ યોજના હેઠળ અને 16128 નવબંધુ કાર્યક્રમ યોજના હેઠળ થયેલ છે

9) **કારીગર વર્ગનીઓળખઅને નોધાણી**

રાજ્યમાં ગ્રામ્ય અને શહેરી વિસ્તારના નાના કારીગરો જેવા કે હસ્તકલા અને હાથશાળા ખાદીવણાટ જેવા કારીગરોના વિકાસ માટે આ કચેરી દ્વારા વિવિધ યોજનાઓ અમલીકરણમાં છે આમ સરકારશ્રી દ્વારા કમિશનર કુટિર અને ગ્રામોદ્યોગના અમલીકૃતમાં યોજનાઓ અભ્યાસ મૂલ્યાકન અને તે ઉપેરથી તારણો તૈયાર કરવા જરૂરી બનેલ છે જેથી વખતો વખત આ ક્ષેત્રના કામદારો માટે હયાત નીતિઓમાં ફેરફાર કરી અથવા નવી નીતિના ઘડતર માટે વિચારણા હાથધરી શકાય વર્ષ 2017-18 માં સતત કામગીરી માટ રૂ. 5.00 લાખની જોગવાય કરવામાં આવી છે.

10) વૃદ્ધ કારીગરો માટે પેનસન યોજના

હસ્તકલા અને હાથશાળા કારીગરો કે જેવો હાલ વૃદ્ધાવસ્થા હેઠળ હોય અને તેઓ પાસે કોઈનો સ્ત્રોત ન હોય તેને તેઓ માટે આ યોજના હેઠળ હાથશાળ/હસ્તકલા જે લાભાર્થીઓ રૂ .2000 થી વધુ પ્રીમિયમ ભરેલ હોય તેને રૂ.500 વધારાનો લાભ આપવાની રાજ્ય સરકાર દ્વારા જાહેરાત કરવામાં આવેલ છે .

**•સુચનો**

1) પ્રસ્તુત સંશોધનનાઅભ્યાસ દ્વારા જાણવા મળે છે કે જો સરકાર દ્વારા ધિરાણમાં વધારો કરવો જોઈએ જેથી

હજી ઉદ્યોગોની સંખ્યામાં વધારો થાય

2) અભ્યાસમાં તે પણ માહિતી પ્રાપ્ત થાય છે કે હજી વધુ ને વધુ કેન્દ્રોમાં વધારો કરવો જોઈએ

3) અભ્યાસમાં એ પણ ઉપસી આવ્યું છે કે જો મહિલાઓને હજી પણ વધારે પ્રમાણમા સબસિડી આપવી

જોઈએ .

**• સમાપન**

પ્રસ્તુત યોજનાના હેતુઓ લક્ષ્યાંક ,મૂડીરોકાણ, કદ તેને વિવિધ આર્થિક ક્ષેત્ર વચ્ચે ફાળવણી તેના નાણાકીય વયવસ્થા તેમજ આ યોજનાના અભિગમ એવા હતા કે જે ઉદ્યોગો પડી ભાગ્યા છે તેઓને પુન: જીવિત કરી અને તેમાં ઉજળા પાસાઓ અને નબળા પાસાઓનો અભ્યાસ કરી આ યોજના અમલમાં મૂકવામાં આવી છે આ યોજનાનો મુખ્ય હેતુ એવો છે ગ્રામ્ય અને શહેરી વિસ્તારમાં વધુ ને વધુ ઉદ્યોગો સ્થપાય અને અને લોકોને રોજગારી મળી રહે અને દેશનો વિકાસ થાય અને બેકરી દૂર થાય આ યોજનાના પરીણામોને સફળતામાં પરિવર્તન કરવાનો આજ સાચો અને અંતિમ ઉપાય છે.

**• સંદર્ભસૂચિ**

- જોષી વિષ્ણુશંકર એમ (1975) ભારતની આર્થિક સમસ્યાઓ અમદાવાદ યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ , ગુજરાત રાજ્ય
- શર્મા આર એ (1980) એન્ટર પ્રીનિયોરલ ચેન્જઇન ઇંડિયન ઇન્ડસટ્ર સ્ટર્લિંગ,પબ્લીશર્સ નવી દિલ્હી

